## મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંક: નમલ-૧૦૨૦૧૩/૩૫૨૧/(પાર્ટ-૧)-ધ,
સચિવાલય ગાંધીનગર.
તારીખ: ૨૫ /૨/૨૦૧૪.

**ઠરાવ:**

"સ્વચ્છતા ત્યાં પ્રભુતા" એ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો જીવન મંત્ર હતો. ગાંધીજી વ્યકિતગત અને સામુહિક સ્વચ્છતા ના જીવનભર આગ્રહી હતા. અગાઉ રાજય સરકારે વર્ષ ૨૦૦૭ થી નિર્મળ ગુજરાત અભિયાન શરૂ કરેલ, તે અભિયાનને સારો પ્રતિસાદ મળેલ છે.

તમામ શહેરો અને નગરો સ્વચ્છ થાય, સંપૂર્ણ ગટર વ્યવસ્થા બને, નાગરિકોનું આરોગ્ય અને જીવન સારુ બને તથા શહેરમાં વસતા લોકોને સ્વચ્છ પર્યાવરણ મળી રહે તેવું મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન સાકાર કરવા રાજ્ય સરકારે ગુજરાતના શહેરોને **"ઝીરો વેસ્ટ સીટી"**બનાવવાનો નિર્ધાર કરેલ છે.

રાજ્યના તમામ શહેરો અને નગરો સ્વચ્છ બને, તેમાં ૧૦૦ ટકા સફાઇ થાય, ઘરે ઘરેથી કચરો એકત્ર થાય, ઘન તેમજ પ્રવાહી કચરાનો સુવ્યવસ્થિત એકત્રીકરણ અને પરિવહન, તેનું વૈજ્ઞાનિક ઢબે નિકાલ, સાથે સાથે ઘન/પ્રવાહી કચરાને વેસ્ટ તરીકે નહીં પરંતુ સંસાધન ગણીને ઘન કચરાનો ઉપયોગ કરી ઉર્જાનો વૈકલ્પિક સોર્સ એટલે કે ગ્રીન પાવર મેળવવા તથા ડ્રેનેજ વોટર રી-સાયકલ અને રી-યુઝ કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

આ ધ્યેયને પાર પાડવા રાજ્ય સરકારે શહેરો અને નગરો માટે " **મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન**" હેઠળ ઝીરો વેસ્ટ સીટીઝનું નિર્માણ કરવા ધારેલ છે. આ કાર્યક્રમ અમલીકરણ નું મીશન મોડ તરીકે અને ફેઝ વાઇઝ આવતા પાંચ વર્ષના સમય દરમ્યાન (પરિશિષ્ટ મુજબ) કરવામાં આવશે. આ કાર્યક્રમના મહત્વના પાસાઓ (Salient features) નીચે મુજબ છે.

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન દ્વારા રાજય કક્ષાએ અમલવારી તથા દેખરેખ.

(૨) ઘટકવાર કાર્યક્રમનો **૨૦૧૪-૧૫ થી ૨૦૧૮-૧૯** સુધી ફેઝ વાઇઝ અમલ

(૩) રાજ્યમાં **''ઝીરો વેસ્ટ સીટી''** નીતિનું નિર્ધારણ

(૪) તમામ શહેરો માટે ''Public Health Bye-laws'' નું ઘડતર અને અમલીકરણ

(૫) તમામ શહેરો માટે ''City Sanitation Plan''

(૬) કાર્યક્રમના દેખરેખ માટે તમામ શહેરો માટે શહેરી કક્ષાએ **ટાસ્ક-ફોર્સ**ની રચના

(૭) શહેરી વિસ્તારોમાં ટોઇલેટ વિહોણા ઘરોને માર્ચ ૨૦૧૫ સુધી ૧૦૦ ટકા વ્યક્તિગત/સામુહિક ટોઇલેટની સુવિધા

(૮) સફાઇ અને ડ્રેનેજ કર્મચારીઓનો વર્ષમાં ''બે વાર'' **ફ્રી હેલ્થ ચેકઅપ**

(૯) નગરપાલિકાઓમાં ''**ઇકોફ્રેન્ડલી**'' સ્મશાન-ગૃહોનું આયોજન

(૧૦) સફાઇ બાબતે શહેરોનું રેટીંગ, આંતર-શહેર સફાઇ-સ્પર્ધા અને પુરસ્કાર

(૧૧) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને નાણાંકીય/તાંત્રિક સહાય, તાલીમ અને સુદ્રઢીકરણ

(૧૨) પ્રથમ ૩ માસ **ઘનિષ્ઠ સફાઇ ઝુંબેશ**

(૧૩) જન-જાગૃતિ અને જન-ભાગીદારી

## (A) ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ:

મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશનના ભાગરૂપે ગુજરાતની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ દ્વારા શરૂઆતમાં ૩ માસ દરમ્યાન ઘનિષ્ઠ સફાઇ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ ઝુંબેશને વેગ આપવા તથા સફળ રીતે પાર પાડવા માટે ચાર નાની મહાનગરપાલિકાઓ જેવી કે જુનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર દરેકને **''એક કરોડની''** નાણાંકીય સહાય તેમજ નગરપાલિકાઓને **અ, બ, ક, ડ** કેટેગરી પ્રમાણે અનુક્રમે **રૂ.૫૫,૪૫,૩૦ અને ૨૦ લાખ** ની નાણાંકીય સહાય આપવામાં આવશે.

સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, દવાખાના અને અન્યજાહેર સંસ્થાઓમાં ખાસ સફાઈ ઝુંબેશ યોજવામાં આવશે.

## (B) જાહેર સ્વચ્છતા

(i) સમગ્રનીતિની અમલવારી, માળખાકીય સંસ્થાગત ફેરફાર અને કામગીરીની દેખરેખ મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન રાખશે. મહાનગર અને નગરપાલિકા કક્ષાએ ટાસ્ક-ફોર્સની રચના કરવામાં આવશે.

**(ii) ઝીરો વેસ્ટ પોલીસી:**

રાજ્યના શહેરો સંપૂર્ણ પણે સ્વચ્છ રહે, જાહેર સ્થળો અને શહેરોમાં પર્યાવરણ જળવાઈ રહે, લોકોને નાગરિક સુખાકારીની સુવિધાઓ મળે તે ઉદ્દેશને ધ્યાને લઇને રાજ્યમાં શહેરો માટે "Zero Waste" પોલીસીનું નિર્ધારણ કરવામાં આવશે. "Zero Waste" પોલીસીનું અમલીકરણ કરવા માટે રાજ્યની તમામ મહાનગરપાલિકા તથા નગરપાલિકાઓમાં તમામ જોગવાઇઓને આવરીલઇને સર્વગ્રાહી "Public Health bye-laws" નું ઘડતર અને અમલીકરણ કરવામાં આવશે. પબ્લીક હેલ્થ બાયલોઝ થકી ક્ષેત્રિય કક્ષાએ સફાઇ, સ્વચ્છતા અને પર્યાવરણ બાબતે કાર્યવાહી ને વેગ મળશે અને આ થકી પોલીસીનો અમલ કરવા માટે કાયદાકીય પીઠબળ પણ મળી રહેશે.

**(iii) ઘન કચરો:**

તમામ શહેરો માટે ૧૦૦ ટકા ઘર ઘરથી કચરો એકત્ર કરવાનું આયોજન અને અમલ કરવામાં આવશે. એકત્ર થયેલ કચરાનું ૧૦૦ ટકા પરિવહન તથા વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવશે. કચરાનો વેસ્ટ તરીકે નહીં પરંતુ ઉર્જા માટે સંસાધન તરીકે ઉપયોગ કરી પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ મારફતે ગ્રીન પાવર ઉત્પાદન કરવાનું આયોજન છે. તે ઉપરાંત કંમ્પોસ્ટ અને અન્ય અદ્યતન ટેકનોલોજી નો ઉપયોગ કરી આર્થિક ઉપાર્જનની સાથ-સાથ શહેરોનું પર્યાવરણ સ્વચ્છ કરવામાં મદદ મળશે.

**(iv) ડ્રેનેજ:**

રાજયના તમામ શહેરોને ૧૦૦ ટકા હાઉસ ટુ હાઉસ કનેક્શન આપીને ડ્રેનેજની સુવિધા ઉભી કરવામાં આવનાર છે. એકત્ર થયેલા પ્રવાહી ઘન કચરાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા શુધ્ધીકરણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. ડ્રેનેજ

પાણીને "Tertiary Treatment" અથવા અન્ય ટેકનોલોજી મારફતે પુન:શુધ્ધિકરણ કરી આ પાણીનો રી-યુઝ કરી નદીઓ, નાળાઓ તથા તળાવો સ્વચ્છ બને ઉપરાંત પાણીનો ઉપયોગ ઉદ્યોગ, ખેતી અને અન્ય ઉપયોગમાં લઇ આર્થિક ઉપાર્જન કરી શકાશે. પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ મોડલ (PPP) થી આ કામગીરી પાર પાડવાનું આયોજન છે.

## (C) જાહેર સુખાકારી:

### (i) શૌચાલયો:-

શહેરમાં વસતા લોકોની જાહેર સુખાકારી જળવાઇ રહે તે હેતુથી ટોઇલેટ વિહોણા ઘરોને ટોઇલેટની સુવિધા આપીને માર્ચ, ૨૦૧૫ સુધીમાં ૩ લાખ વ્યકિતગત શૌચાલયો બનાવવાનું આયોજન છે. જયાં વ્યકિતગત શૌચાલયો શકય નથી ત્યાં સામૂહિક ટોઇલેટ / Pay & Use Toilet બનાવવાનું આયોજન છે.

### (ii) ફ્રી હેલ્થ ચેકઅપ:

મહાનગરપાલિકા તેમજ નગરપાલિકામાં સફાઇ તેમજ ડ્રેનેજની કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓનું આરોગ્ય સચવાય તથા બીમારીનું સંક્રમણ ન થાય તેના માટે રાજ્ય સરકારે ULB દ્વારા વર્ષમાં બે વખત આ કામગીરી સાથે સંકળાયેલ તમામ કર્મચારીઓનું ફ્રી હેલ્થ ચેક-અપ કરવાનો નિર્ધાર કરેલ છે.

### (iii) ઈકો ફ્રેન્ડલી સ્મશાન:

લાકડા-બળતણથી થતું પ્રદૂષણ અટકાવવા રાજ્યની તમામ નગરપાલિકાઓમાં કૈલાશધામ યોજના અંતર્ગત ગેસ-વીજળી આધારિત ઇકો ફ્રેન્ડલી સ્મશાનગૃહોનું આયોજન કરવામાં આવશે.

## (D) સહાય, તાલીમ અને સુદ્રઢીકરણ

**સાધન સહાય**

ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા લાંબાગાળાના આયોજનના ભાગરૂપે સફાઈ માટે રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકા અને નગરપાલિકાને નાણાંકીય સહાય આપવા ઉપરાંત ૧૦૦ કરોડના ખર્ચે ૭૫૦૦૦ જેટલા સફાઇ સાધનો આપવામાં આવશે.

## (I) ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન

શહેરોમાં ૧૦૦ ટકા ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન થાય તે હેતુથી બાકી રહેલ વિસ્તારોમાં પ્રથમ વર્ષે ૧૦૦ ટકા, બીજા વર્ષે ૮૦ ટકા, ત્રીજા વર્ષે ૬૦ ટકા, ચોથા વર્ષે ૪૦ ટકા અને પાંચમાં વર્ષે ખર્ચના ૨૦ ટકા સહાય આપવામાં આવશે.

## (II) સફાઇ વેરા પ્રોત્સાહક યોજના:

નગરપાલિકાની નાણાંકીય વ્યવસ્થા સુદ્રઢ થાય અને આ વ્યવસ્થાનું સારી રીતે અમલ થઇ શકે તે હેતુથી સફાઇ વેરા પ્રોત્સાહક યોજનામાં ફેરફાર કરી સહાયના ધોરણો નીચે મુજબ આપવામાં આવશે.

(અ) નગરપાલિકામાં સફાઇ વેરાની ૫૦ ટકા થી ઓછી વસુલાતના કિસ્સામાં ૫૦ ટકા મેચીંગ ગ્રાન્ટ, ૫૦ -૭૫ ટકા વસુલાતના કિસ્સામાં ૧૦૦ ટકા મેચીંગ ગ્રાન્ટ અને ૭૫ ટકાથી વધુ વસુલાતના કિસ્સાઓમાં ૧૨૫ ટકા સહાય આપવામાં આવશે.

(બ) જયારે જ્યારે નગરપાલિકાઓ દ્વારા હયાત સફાઇ વેરાના દરોમાં જેટલો વધારો કરવામાં આવે તેટલી મેચીંગ ગ્રાન્ટ (One Time Grant) રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે.

## (E) જન જાગૃતિ અને જન ભાગીદારી

શહેરોમાં સ્વચ્છતા જળવાઇ રહે તેના માટે જનજાગૃતિ અનિવાર્ય છે. સાથો સાથ આ કાર્યક્રમની સમજ ઊભી કરવા માટે પ્રબુધ્ધ વર્ગોનો / સ્વૈચ્છિક સંસ્થાઓનો તેમજ પ્રચાર માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરી જનભાગીદારી / જનજાગૃત્તિ ઉભી કરવામાં આવશે.

જનજાગૃતિ અને જનભાગીદારી ઝુંબેશમાં સામાન્યતઃ નીચે મુજબની કામગીરી સતત રીતે હાથ ધરવામાં આવશે.

- સ્વચ્છતા અભિયાનના પ્રચાર અને પ્રસાર માટે બેનર્સ, હોર્ડીંગ્સ, બોર્ડ, કીયોસ્કનો કોમ્યુનિકેશન વ્યુહરચના તરીકે ઉપયોગ કરવો.
- શેરી નાટકો, ભવાઇ, કટપુતળીના ખેલ, ગોષ્ઠિ, ચર્ચા વગેરેનો સઘન ઉપયોગ કરવો.

• એફએમ રેડિયો, ટી.વી. સિનેમા, સ્લાઇડમાં એડવર્ટાઇઝ દ્વારા પ્રચારપ્રસારનું આયોજન કરવું.

• સોશ્યલ મિડીયા જેવી કે, ફેસબુક, વોટ્સ અપ,જી પ્લસ,ટવીટરવગેરે સોશ્યલનેટવર્કીંગ દ્વારા અસરકારક પ્રચાર પ્રસારની વ્યવસ્થા ગોઠવવી.

• સ્વચ્છતા અભિયાનમાં મહત્વનો ફાળો આપનાર સોસાયટીઓને પ્રોત્સાહક ઇનામ/પ્રમાણપત્ર આપવાનું આયોજન કરવું. ઇનામની રકમ મહાનગરપાલિકા/નગરપાલિકાએ ઉચિત રીતે નક્કી કરવી.

• ગંદકી કરનાર પાસેથી દંડ/વહીવટી ચાર્જ લેવાની કાર્યવાહી કરવી.

• સ્વૈચ્છિક સંસ્થાઓ/એન.જી.ઓ. અને ખાનગી સંસ્થાઓ જનભાગીદારી માટે આગળ આવે તેવું વાતાવરણ ઉભુ કરવું.

• જનજાગૃતિના ઉદ્દેશથી જનતામાંથી જાગૃત વ્યક્તિઓના અભિપ્રાયો / સુચનો મેળવી વિચારણામાં લેવા અને ઉચિત હોય તો તેનો અમલ કરવો.

**(F) ટાઇમ લાઇન મુજબ અમલીકરણ.** આ ઝૂંબેશના ઘટકવાર કાર્યક્રમોનું અમલીકરણ આ સાથે બિડેલ **પરિશિષ્ટ** મુજબ કરવાનું રહેશે.

**(G) શહેરોના સફાઈ બાબતે ગ્રેડીંગ તથા પુરસ્કાર**

આ કાર્યક્રમ બાબતે શહેરો-શહેરો વચ્ચે સફાઇ બાબતે તંદુરસ્ત હરીફાઇ ઉભી થાય અને ઉત્કૃષ્ઠ માપદંડો ઉભા થાય તે માટે સ્વચ્છતા બાબતે ''શહેરનું રેટીંગ'' કરવાનું અને સ્પર્ધા કરવાનું આયોજન છે. સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનારને સમયાંતરે એવોર્ડ/ પુરસ્કાર આપવાનું આયોજન છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૩/૦૨/૨૦૧૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે. ડી. સુથાર )
નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**નકલ રવાના:-**

- નામદાર રાજ્યપલશ્રીના સચિવશ્રી, રાજભવન (પત્ર ધ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અ.મુ.સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(શ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(હાઉર્સીગ અને નિર્મળગુજરાત )ના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, સર્વે મહાનગરપાલિકાઓ
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત સરકાર, ગાંધીનગર(સર્વે નગરપાલિકાઓને પરિપત્રિતકરવાની વિનંતી સહ)
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, રાજકોટ.
- મેનેર્જીગ ડીરેકટરશ્રી,ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર.
- મુખ્યકારોબારી અધિકારીશ્રી,ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર

- સર્વે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી,પ્રદૂષણ નિયંત્રણબોર્ડ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- ટ્રેઝરી ઓફીસરશ્રી, ગાંધીનગર ટ્રેઝરી, ગાંધીનગર.
- રોકડ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સીલેકટ ફાઇલ.

# પરિશિષ્ટ

| ઘટક કાર્યક્રમ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ |
|---|---|---|---|---|---|
| **સામાન્ય** | | | | | |
| સીટી સેનીટેશન પ્લાન ઘડવા બાબત. | ■ | | | | |
| જાહેર આરોગ્યના પેટા નિયમ ઘડવા બાબત. | ■ | | | | |
| **ઘન કચરા વ્યવસ્થાપન** | | | | | |
| છુટા પાડેલા કચરાનું ૧૦૦ ટકા એકત્રીકરણ અને વહન | ■ | ■ | ■ | ■ | ■ |
| જાહેર સ્થળો તથા શેરીઓની સ્વચ્છતા | ■ | ■ | ■ | ■ | ■ |
| ઘન કચરાનું ૧૦૦ % પ્રોસેસીંગ / ટ્રીટમેન્ટ / રીયુઝ/ રીસાયકલીંગ | | ■ | ■ | ■ | ■ |
| ઘન કચરાનું ૧૦૦ % વૈજ્ઞાનિક ઢબે નિકાલ | | | ■ | ■ | ■ |
| **પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન** | | | | | |
| ભુગર્ભ ગટર અને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું બાંધકામ | ■ | ■ | ■ | | |
| શુધ્ધીકરણ થયેલ ગંદા પાણીનું રીયુઝ અને રીસાઇકલીંગ | | | ■ | ■ | ■ |
| ફીકલ સ્લજ વ્યવસ્થાપન માટે મશીન પુરા પાડવા બાબત. | ■ | ■ | | | |
| **શૌચાલય** | | | | | |
| વ્યક્તિગત શૌચાલયનું બાંધકામ | ■ | ■ | | | |
| કોમ્યુનીટી / પે એન્ડ યુઝ / Shared શૌચાલયનું બાંધકામ | ■ | ■ | | | |
| **જળાશય** | | | | | |
| જળાશયોની જાળવણી | | | ■ | ■ | ■ |
| **અન્ય** | | | | | |
| જન જાગૃતિ અભિયાન | ■ | ■ | ■ | ■ | ■ |
| તાલીમ / કેપેસીટી બીલ્ડીંગ | ■ | ■ | ■ | ■ | ■ |
| સફાઇ કામદારોનુ હેલ્થ ચેકઅપ | ■ | ■ | ■ | ■ | ■ |
| કૈલાશધામ યોજના | ■ | ■ | | | |

■ શીઘ્ર પગલાં (immediate action)

■ સઘન પગલા (continued action)